# ભાવનગર – મહાનગરપાલિકા

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા તા- ૦૧/૧૧/૨૦૨૦ના રોજ યુ.સી.એચ.સી અને યુ.પી.એચ.સીના જુદા જુદા સંવર્ગની જ્ગ્યાઓ ભરવા માટે લેખિત પરિક્ષા લેવામાં આવેલ.આ તમામ સંવર્ગોની ફાઈનલ આન્સર કી પ્રસિધ્ધ કર્યા બાદ તા-૧૫/૧૨/૨૦૨૦ના રોજ ઉક્ત પરિક્ષામાં હાજર રહેલ તમામ ઉમેદવારોના ગુણ દર્શાવતું જનરલ મેરીટ લિસ્ટ પ્રસિધ્ધ કરેલ છે. જે પૈકી**(1)** ફાર્માસિસ્ટ અને **(2)** લેબોરેટરી ટેક્નિશ્યન સંવર્ગની જગાઓ ભરવા માટે, કેટેગરીવાઈઝ ખાલી જગાઓના પાંચ ગણા ઉમેદવારોને તેમજ **(૩)** ફિમેલ હેલ્થ વર્કર અને **(4)** મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર સંવર્ગની જગાઓ ભરવા માટે, કેટેગરીવાઈઝ ખાલી જગાઓના ત્રણ ગણા ઉમેદવારોને તા-૨૨/૧૨/૨૦૨૦ના રોજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ સંવર્ગના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવાપાત્ર ઉમેદવારોનું પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ ઓજસ તથા ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.આ પરીશીષ્ટ મુજબના ઉમેદવારોએ નીચેના સમય,સ્થળ અને તારીખે અસલ પ્રમાણપત્રોની ચકાસણી અર્થે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.નિયત સમયે હાજર ન રહેનાર ઉમેદવારોની ઉમેદવારી આપોઆપ રદ થશે.જે અંગે ઉમેદવાર કોઈ હક્ક-દાવો ઉપસ્થિત કરી શકશે નહી.જેની સર્વે ઉમેદવારે નોંધ લેવી.

| ક્રમ | સંવર્ગનું નામ | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ફાર્માસિસ્ટ | ૨૨/૧૨/૨૦૨૦ મંગળવાર | ૧૦.૦૦ થી ૬.૦૦ કલાક | અટલ બિહારી વાજપાઇ ઓપનએર થીયેટર, મોતીબાગ, ટાઉનહોલ પાસે ભાવનગર |
| ૨ | લેબોરેટરી ટેક્નિશ્યન | | | |
| ૩ | ફિમેલ હેલ્થ વર્કર | | | |
| ૪ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | | | |

.......(PTO)

- **<u>ઉમેદવારે રુબરુમાં રજુ કરવાના પ્રમાણપત્રો (અસલ + સ્વપ્રમાણીત નકલ)</u>**

(૧) ઉમેદવારની ઓનલાઇન અરજીની પ્રિન્ટ
(૨) શૈક્ષણિક લાયકાત અંગેની માર્કશીટ તથા ડિગ્રી સર્ટીફીકેટ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબના)
(3) અનુભવનું માન્ય પ્રમાણપત્ર(જાહેરાતમાં દર્શાવ્યા મુજબના,લાગુ પડતુ હોઇ તો)
(૪) કોમ્પ્યુટરના નોલેજ અંગેનું નિયત પ્રમાણપત્ર.
(૫) ગુજરાત કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવ્યા અંગેનું પ્રમાણપત્ર(લાગુ પડતુ હોઇ તો)
(૬) ફોટોવાળું ઓળખપત્ર.
(૭) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર /જન્મ તારીખ અંગેનું પ્રમાણપત્ર.
(૮) જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર(લાગુ પડતુ હોય તો)
(૯) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું નોન- ક્રિમીલેયર પ્રમાણપત્ર
(૧૧) માજી સૈનિક કેટેગરી ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં માજી સૈનિક હોવા અંગેના આધાર પુરાવા તથા ડીસ્ચાર્જ બુક.
(૧૨) વિધવા ઉમેદવારોના કિસ્સામાં વિધવા હોવા અંગેના પ્રમાણપત્રો તથા પુન: લગ્ન કરેલ નથી તે અંગેનું સંબંધિત મામલતદારશ્રીનું પ્રમાણપત્ર.
(૧૩) આંતરરાષ્ટ્રીય/ રાષ્ટ્રીય/આંતર યુનિર્વસિટી ટુર્નામેન્ટ/ શાળાઓ માટેની રાષ્ટ્રીય ખેલકુદ/રમતોના ખેલાડીઓના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબના નિયત નમુનાના જરૂરી પ્રમાણપત્ર.
(૧૪) રાજ્યસરકાર/કેન્દ્રસરકાર/સ્થાનિક સત્તામંડળ/સરકારની માલીકીના બૉર્ડ-નિગમ-કોર્પોરેશનની નોકરીમાં ચાલુ હોય તેવા ઉમેવારના કિસ્સામાં સક્ષમ સત્તાધિકારીનું "ના-વાંધા પ્રમાણપત્ર"
(૧૫) તાજેતરના પાસપોર્ટ સાઇઝના ૦૨ ફોટા.

- **<u>અગત્યની સુચના:-</u>**

(૧) ઉમેદવારે જાતે જ સ્વખર્ચે આવવાનું રહેશે.પ્રમાણપત્ર ચકાસણી માટે તારીખ/સમય આપવામાં આવેલ છે, તે જ તારીખ/ સમયે ઉમેદવારે આવવાનું રહેશે.
(૨) ઉમેદવારે પોતાના ઉપર દર્શાવ્યા મુજબના તમામ અસલ પ્રમાણપત્રો ફરજીયાત પણે સાથે લાવવાના રહેશે, તથા દરેક પ્રમાણપત્રોની નકલ સ્વપ્રમાણિત કરીને લાવવાની રહેશે.
(3) જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખે-સમયે કોઇ ઉમેદવાર ગેરહાજર રહેશે તો સંબંધિત ઉમેદવારની ઉમેદવારી આપોઆપ રદ થશે અને ત્યારપછી તે બાબતે કોઇ પણ દાવો અથવા વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં, જેની તમામે નોંધ લેવી.
(૪) જો કોઇ ઉમેદવારના **અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરતા સમયે જો જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત ધરાવતા ન હોવાનું કે નિયત પ્રમાણપત્રો ધરવતા ન હોવાનું ફલીત થાય તો તેઓને ભરતી પ્રક્રીયા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે, જેની તમામે નોંધ લેવી.**